# શ્રી ક્ષત્રિય સમાજનાં રિવાજો અને ધાર્મિક વિધિ માર્ગદર્શિકા

સવંત – ૨૦૬૦

સને – ૨૦૦૪


લેખન અને સંકલન

ગં. સ્વ. ઉમિયાબેન ગંગારામ કાપડીઆ

અ. સૌ. હર્ષા પંકજ કાપડીઆ

શ્રી પંકજ ગંગારામ કાપડીઆ

અ. સૌ. દયાગૌરી ઠાકોરદાસ બલસારા

શ્રી ઠાકોરદાસ હરકીશનદાસ બલસારા



પ્રકાશક

**SHREE THAKORDAS H. BULSARA**
**36 GEORGE STREET,**
**BLOOMFIELD, NJ 07003 – 4318 (U.S.A.)**
**PHONE : 973-893-9517**
**FAX : 973-338-6559**
**E-MAIL : nitincpa@yahoo.com**

**SHREE PANKAJ G. KAPADIA**
**"RAM NIVAS"**
**71, HUTTON STREET,**
**JERSEY CITY, NJ 07307 (U.S.A.)**
**PHONE : 973-653-8790**
**E-MAIL : pankajkapadia@hotmail.com**

પ્રથમ આવૃત્તિ – ૪૫૦૦ પ્રત

જેઠ માસ – સંવત ૨૦૬૦

જુન-૨૦૦૪


અર્પણ

આપણી સમસ્ત ક્ષત્રિય જ્ઞાતિને

# "આપણાં રિવાજો અને ધાર્મિક વિધિ"

**પ્રિય જ્ઞાતિજનો,**

પ્રણાલીકા મુજબ ધાર્મિક પ્રસંગોમાં બ્રાહ્મણ જ આગવું સ્થાન ધરાવે છે, પરંતુ આપણા રિવાજો – વિધિઓથી બ્રાહ્મણ મોટેભાગે અજાણ કહેવાય ખરા ! પ્રત્યેક પ્રસંગોની હાજરીમાં જે જોવા મળ્યું - કુનેહ, ગેરસમજ, સલાહ, સંપ, મતભેદ, બ્રાહ્મણની યજ્ઞોપવિત્ વિધિ અને વિવિધતા, આપણી જ્ઞાતિની સામાજીક વિધિઓ – અજ્ઞાનતા અથવા અવગણના અને જે સંકેત મળ્યો, તે મુજબ સહેલાઇથી સમજી શકાય યા માર્ગદર્શનરૂપ થઇ શકે, તે દ્રષ્ટિથી આ સંકલન આપ સમક્ષ રજુ કરીએ છીએ.

સંકલનમાં નિમિત્તે સ્વ. ગં. સ્વ. ધનુબેન નટવરલાલ બલસારા, ન્યુજર્સી-અમેરીકા જેમની અંતિમક્રિયા વખતે વિચાર-વિનિમય બાદ, આ પુસ્તિકારૂપે જ્ઞાતિજનોને સપ્રેમ ભેટ આપવાનું નક્કી કરવામાં આવ્યું. આ ભગીરથ સંકલન કરવામાં ગં. સ્વ. ઉમિયાબેન ગંગારામ કાપડીઆનો યશસ્વી ફાળો, કદાપી ભૂલી કશાય એમ નથી જ. એમનો ખૂબ ખૂબ આભાર. તમામ તકેદારી રાખવા છતાં કોઇ ઉણપ રહી પણ ગઇ હોય તો, આપના ઉમદા સહકારની અપેક્ષા રાખીએ છીએ.

રૂઢિચુસ્ત બનવું એટલે ધર્મ-ફરજ સાથે અંધશ્રધ્ધાનુ આગવું સ્થાન આપવું પણ, અનુચિત ન કહેવાય. સમય અને મર્યાદા સાથે, આપણી વિધિમાં કોઇ ફેરફાર – સંજોગવસાત કરવા ઘટે તો તેમાં કોઇ બાધ નથી. હેતુ તો આપણે સદ્દભાવનાથી ધાર્મિક માન્યતા વિધિ શક્ય એટલી શ્રધ્ધાથી પાર પાડી શકીએ. કોઇપણ વિધિમાં જ્યાં અશક્તિને સ્થાન મળે ત્યારે તે વિધિને સ્થાને આપણી શ્રધ્ધાથી કોઇપણ મંદિર યા સંસ્થાને યથા યોગ્ય દાન કરી સંકલ્પ કરી શકાય.

આ સંકલનમાં કોઇ બંધારણ, ધારાધોરણ કે નિયમો નથી જ. આપણી ધાર્મિક વિધિઓ સમાજમાં સારા માઠા પ્રસંગોએ ચાલતી આવેલી પ્રથા તેમજ પ્રણાલિકા સાથે સામાજીક સમન્વયતા જળવાય રહે એટલો જ આશય છે, એજ લક્ષ્ય છે.

પૂરી સમજણ કે જાણકારીને અભાવે દ્વિધામાં અટવાતા પરિવારને યોગ્ય માર્ગદર્શન મળી રહે, કેવળ એ હેતુથી જ આ પુસ્તિકાનું નિર્માણ કર્યુ છે. આરાધના, સાધના અને આસ્થા હશે તો દરેક કર્મ સુંદર રીતે પૂર્ણ કરી શકાશે. એજ આશા અને અપેક્ષા થકી આપણી નાનકડી ક્ષત્રિય જ્ઞાતિને ચરણે આ પુસ્તિકા પ્રસ્તુત કરીએ છીએ. અને આ કામમાં આ પુસ્તિકા સહાયરૂપ નિવડશે એવી હમોને શ્રધ્ધા છે. ધન્યવાદ ...........

**લિ. ભવદીય,**
**ઠાકોરદાસ હરકીશનદાસ બલસારા**
**ન્યુજર્સી અમેરિકા**

# સામગ્રીની યાદી

## લગ્ન પ્રારંભ

લગ્ન ચિઠ્ઠી, મીઠાઇ, કંકોત્રી

## ધાણ ભરવો

બે બાજઠ, લાલ કપડું, ઘઉં, લાલ પાંચળી, સાત સોપારી, સાત ખારેક, સાત પાન, ગોળ ધાણા, ચોખા, કંકુ, ફૂલ, અબીલ, ગુલાલ, ઘીનો દીવો, અગરબત્તી, ગણપતિની મૂર્તિ, ફૂલના બે હાર, દીવાસળીની પેટી, ત્રણ રેશમી ખેશનાં રૂમાલ.

## પેશ ભરવી

કંકુ, ચોખા, સાત સોપારી, સાત પાન, સાત ખારેક, સાત હળદરનાં ગાંઠીયા, એક નાળિયેર, ફૂલ, સવા પાંચ રૂપિયા.

## પીઠી ચોળવી

એક બાજઠ, એક સળીયો, બે રેશમી ખેશનાં રૂમાલ, એક તરાક, તેલ, હળદર

## ખાંડા ખાંડી કરવી

એક સૂપડું, ચોખા, ચાર સોપારી, ચાર પાવલી, ચાર પૈસા, એક સાંબેલું

## સાળિયા દાળિયા

ચોખાનો લોટ, હળદર, તેલ

## ખાટું નવડાવવું

કંકુ, ચોખા, તેલ, હળદર, દહીં, મંટોડુ

## ગણેપાત વધાવવા

બે બાજઠ, ત્રણ રેશમી ખેશનાં રૂમાલ, કંકુ, ચોખા, એક નાળિયેર, લાલ દોરો

## ગ્રહશાંતક

બ્રાહ્મણ પાસે જ સામગ્રીની યાદી લેવી

## ખોળા ઓળવા

બે બાજઠ, ત્રણ રેશમી ખેશનાં રૂમાલ, તેલ, કંકુ, ચોખા, એક સળીયો, એક તરાક, ચાર પાપડ, ચાર ખારેક, ચાર સોપારી, ચાર પાવલી, ચાર ધારા, ચાર સુંવાળી, ચાર સાળીયા, ચાર દાળિયા, એક છાણું.

## ઉકરડી નોતરવી

એક છાણું, એક તરાક, એક સાળિયા, એક દાળિયા, એક ધારા, એક સુંવાળી, એક ખારેક, એક સોપારી, એક પાપડ, એક રામણદીવો, એક પાણી ભરેલો લોટો, મીઠાઇનું પેકેટ, કંકુ, ચોખા, ફૂલ.

## શાંતકનું મંટોડુ

પાણીનો લોટો, એક રેશમી ખેશનો રૂમાલ, એક કોદાળી, કંકુ, ચોખા

## માટલા માંડવા

એક રેશમી ખેશનો રૂમાલ, કંકુ, હળદર, મોટું સફેદ કાગળ અથવા સફેદ કાપડનો કટકો, બે માટલા, બે ઘાડવા, બે નાળિયેર, ચાર ફૂલનાં મોરિયા, છુટા ફૂલ, બે નાળિયેરની વાટી, ૧૪ સોપારી, ૧૪ ખારેક, ૧૪ હળદરનાં ગાંઠિયા, ૧૪ પાપડ, ૧૪ પાન, છુટા પૈસા, ગોળધાણા, ઘઉંની સેવ, ગણપતિની મૂર્તિ, ઉપરાંત બ્રાહ્મણની સમાગ્રીની યાદી અચૂક લેવી.

## ગ્રહશાંતેકની વિધિ

બ્રાહ્મણની યાદી અચૂક લેવી.

## બરૂલો વળાવવો

એક ધોતિયું (આંતરપટનું કપડું), ૭ સોપારી, ૭ ખારેક, ૭ હળદરના ગાંઠિયા, ૭ પાન, ૭ સાળિયા, ૭ દાળિયા, ૭ સુંવાળી, એક નાળિયેર, છુટા પૈસા, એક લાકડી, એક પાણીનો લોટો.

## વરઘ ઘડો ભરવો

બે લોટા, બે રેશમી ખેશનાં રૂમાલ, કંકુ, ચોખા, ફૂલ

## સ્નાન

કંકુ, ચોખા, તેલ, હળદર, દહીં, મંટોડુ, ફૂલનો હાર, કલગી, બાજઠ

## જાન

ચોખા, પાવલી, લોટો, નાળિયેર, આંતરપટનું ધોતિયું / કાપડ, ઘાંટડી, ૧૪ સોપારી, કાળી ગાંઠી, લગ્ન ચિઠ્ઠી, રામનદીવો, અખિયાનાની થાળી

## ગણેશ પૂજન

સેલુ, ચણિયો, બ્લાઉઝ, સાંકળા, દાગીનો, બે સાકરપડા, કેળા, ૨ પાન, ૨ નાળિયેર, ૨ હાર, ૧ વેણી, ૭ સોપારી, કંકુ, ચોખા

## કલવો ખવડાવવો

થાળી, રેશમી ખેશનો રૂમાલ, મીઠાઇ, હળદર, રાંધેલો ભાત, કંકુ, ચોખા, પાણીનો લોટો, એક પાન

## ચાકરી

ત્રણ પાણીથી ભરેલાં લોટા, એક નાળિયેર, છૂટા પૈસા

## હરગવાની વિધિ

બાજઠ, સળિયો, તરાક, વરોઇ, સાંબેલું, વેલણ, ૪ ભાતની લાડવી, ૪ માટીની લાડવી, એક રેશમી ખેશનો રૂમાલ, એક સંપૂટ (બે ખાલી કોડિયાનો એકની ઉપર એક ઉંધુ મૂકી લાલ દોરો વીટાળવો – આ સંપૂટ કહેવાય), અખિયાનાની થાળી, કંકુ, ચોખા

## લગ્ન મંડપ – હસ્તમેળાપ

બ્રાહ્મણની યાદી પ્રમાણે તમામ સામગ્રી લાવવી, ઉપરાંત બે ફુલનાં હાર – વર / કન્યા માટે, મીઠાઇ, ઘાટડી, કાળી ગાંઠી, કંકુ, ચોખા, છુટા ફૂલ, છુટા પૈસા

## ટોપલો

ટોપલો, થાળી, વાડકી, લોટો, વરરાજાનો પેન્ટપીસ, દાળ ચોખા, કંકુ, ચોખા, સાસુની સાડી, એક નાળિયેર

## ગાંઠીડા છોડવા

ઘઉંનાં લોટની પાંચ કાચી પૂરી, પાન, સોપારી, કંકુ, ચોખા, દૂધનું પાણી, કોડી, ખાંગરા, બે અથવા પાંચ નાળિયેર, છુટા પૈસા

## સીમંત

પાટલો, લાલ કપડું, ઘઉં, પાન, ગણપતિની મૂર્તિ, બે સોપારી, છુટા પૈસા, કંકુ, ચોખા, ફૂલ, અબીલ, ગુલાલ, બે ફૂલનાં હાર, પંચામૃત, ગોળધાણા, ફળફળાદી, સૂકો મેવો, દરોઇ, બે રેશમી ખેશના રૂમાલ, છુટા પૈસા

## ખોળો ભરવો

કંકુ, ચોખા, ૧૪ પાન, ૨ નાળિયેર, ૨ સૂકા કોપરાની વાટી, ૨ ધાણાની પડીકી, ૨ જીરાની પડીકી, ૧૪ સોપારી, ૧૪ બદામ, ૧૪ ખારેક, ૧૪ અખરોટ, ૧૪ હળદરનાં ગાંઠિયા, ૧૪ વાંસની ગાંઠ, ૧૪ કાળા મરી (ઉંદરની લીંડી), ૧૪ મીઠાની ગાંગડી, ૧૪ એલચી, ૧૪ લવિંગ, ૧૪ અંજીર, ૧૪ કમરકાકડી, ૧૪ વડના ટેટાં, ૧૪ આલુ, ૧૪ ખડી સાકરની ગાંગડી, ૧૪ કાજુ, ફૂલનો હાર

## છઠ્ઠીની વિધિ

થાળી, ૬ ,પાન, ૬ સોપારી, ૬ બરૂની સળી, છ તારના છ દોરા, કંકુમાં પલાળેલા – બે પગનાં દોરા, બે હાથના દોરા, એક કમરનો દોરો, એક ગળાનો દોરો, એક નાળિયેર, મેશની ડબ્બી, કોરો કાગળ, બ્લુ / લાલ બોલપેન, ભાખરાની છ લાડવી, ઘીનો દીવો, અગરબત્તી, દિવાસળીની પેટી, ફૂલ, કંકુ, ચોખા, સિંદૂર, વાલ, ટોપલો-ફોઇનાં ઝભલા ટોપી.

## બારાબરીયા પૂજન

૧૨ કુલો (ચોખાના લોટમાં હળદર નાંખી નાની પુડલી), ૧૨ સોપારી, ૧૨ પૈસા, વાલ, નાગલી અથવા રાઇ, કંકુ, ફૂલ, હળદર, ચોખા, ૧૨ બરૂની સળી, મેશની ડબ્બી, પાણીનાં બે લોટા, પાટલો, નાળિયેર, ઘીનો દીવો, અગરબત્તી, બે હાર, દીવાસળીની પેટી, બે મોળીયા

## અશુભ - નિધન

પાંચ આમન એટલે કે – મગ, તુવેરની દાળ, ચણાની દાળ, ચોખા, તલ અને યથાશક્તિ પૈસા, દીવો, અગરબત્તી, દીવાસળીની પેટી, પાણીનો લોટો, ઘી, ચંદન, કંકુ, તુલસીનું પાન, ગંગાજળ, સોનાની રજ, તાંબાનો પૈસો, તુલસીની માળા, સુખડનું લાકડુ, તુલસીનાં સૂકા દાંડા, એક નાળિયેર, ગીતાની ચોપડી, પેંડા, સોપારી, આદુ, પેપરડીશ, વાડકી, પાટલો, મમરા, ચોખા, પાન, દીવો, અગરબત્તી, દિવાસળીની પેટી.

સારવાની વિધિ માટે બ્રાહ્મણની યાદી પ્રમાણે તમામ વસ્તુ લઇ આવવી. ઉપરાંત આદુ, ઘઉંનો લોટ, ખાંડ, ઘી, ગીતાની ચોપડી, ચાંદીની – સ્વર્ગની નિસરણી, ગાય વાછરડા સાથે તુલસીનું કુંડુ, સાથીયો, વહાણ, નિરંજન, તાંબાની તરભાણી, હાથ લુછવાનો રૂમાલ, શરીર લુછવાનો રૂમાલ, પિંડ – ચોખાનો અને અળદનાં લોટનાં.

તેલ, કાંસકો, બે પડીકા કંકુના, બે સોપારી, કંકુ, પાન, સોપારી, પેંડા, કાગળ / પેન

## શુભ પ્રસંગ

૧૪મી ડિસેમ્બર થી ૧૩મી જાન્યુઆરી સુધી કમૂર્તા કહેવાય. આ સમય દરમ્યાન શુભ પ્રસંગ કરવો ઉચિત ન કહેવાય.

## વિવાહ

(૧) વિવાહ નક્કી થાય એટલે પ્રથમ વરપક્ષે કન્યાને શુકનનાં યથાશક્તિ રોકડા આપવા.
(૨) વિવાહ નક્કી થાય ત્યારે કન્યાપક્ષે પણ વરને શુકનનાં યથાશક્તિ રોકડા આપવા.
(૩) વરપક્ષ જ્યારે કન્યાને જમવા બોલાવે ત્યારે કન્યાને યથાશક્તિ રોકડા અથવા સાડી આપે.

## ચલાણા ફેરવવા

કન્યાપક્ષને ત્યાં વિવાહ સંબંધ નક્કી કરવો. પ્રથમ કન્યાને ત્યાં ચલાણા ફેરવવાની વિધિ કરવી, ત્યારબાદ વરપક્ષે આ વિધિ થાય. આ વિધિમાં – મર્યાદિત સંખ્યામાં – ફક્ત નાસ્તાપાણી – જળપાનને જ સ્થાન હોય. આ વિધિમાં બંને પક્ષે ઇચ્છા હોય તો જ કરવી.

## મોસાળિયા મનાવવા

દીકરો કે દીકરી પરણતા હોય ત્યારે મા, પોતાનાં ભાઇને ત્યાં વ્યક્તિગત, આગ્રહપૂર્વક આમંત્રણ આપવા જાય, સાથે મીઠાઇ – નાસ્તો – જળપાન લઇને જાય આ મોસાળીયા મનાવવાની વિધિ પણ ઇચ્છા અને અનુકુળતા હોય તોજ કરવી.

## લગ્ન પ્રારંભ

(૧) કન્યાપક્ષે લગ્ન ચિઠ્ઠી બ્રાહ્મણ પાસે લખાવીને, લગ્નનાં પાંચ કે સાત દિવસ પહેલા, વરપક્ષને ત્યાં કન્યાનો ભાઇ, કાકા કે અન્યત્ર સંબંધી આપવા જાય ત્યારે મીઠાઇ લઇને જવું.
(૨) બંને પક્ષે કંકોત્રી પોતાનાં ગામનાં મંદિરે, પોતાનાં ઘરનાં મંદિરમાં મૂકયા બાદ અવરનવર પક્ષને આપવી.

## ધાણ ભરવો

કન્યા પક્ષ કે વરપક્ષ બંનેએ આ વિધિ, લગ્નનાં ત્રણ કે પાંચ દિવસ પહેલાં કરવી.

## સામગ્રી

લાલ કપડું, ઘઉં, લાલ પાંચળી, ૭ સોપારી, ૭ ખારેક, ૧૧ નાગરવેલનાં પાન, ગોળ, સૂકા ધાણા, ચોખા, કંકુ, ફૂલ, અબીલ, ગુલાલ, ઘીનો દીવો, અગરબત્તી, બે ફૂલનાં હાર, ત્રણ બાજઠ.

ઉપરોક્ત સામગ્રીથી ગણપતિની પૂજા બ્રાહ્મણનાં હસ્તે યા આપણે પોતે કરવી.

વર કે કન્યાની ડાબી બાજુએ કુંવારીકાને બેસાડવી

## પેશ ભરવી

વર કે કન્યાના હાથ અને પગ ચઢતાં ધોવાનાં, કંકુથી ચઢતાં પીરવાના, કંકુનો ચાંદલો કરી ચોખા લગાડવા હાથમાં પહેલા – ૭ સોપારી, ૭ પાન, ૭-ખારેક, ૭-હળદરનાં ગાંઠીયા, સવા પાંચ રૂપિયા મૂકવા અને છેલ્લા તેની ઉપર ૧ નાળિયેર – ચોટલી બહારની બાજુ રહે તેમ મુકવું. ચોખા વધાવી પગે લાગવું.

## પીઠી ચોળવી

આ વિધિ કરનાર સ્ત્રીએ જમણાં હાથમાં સળીયો અને ડાબા હાથમાં તરાક લેવી. જમણો હાથ ઉપર રહે તે પ્રમાણે હાથને ક્રોસ કરવા. સળીયાને તેલમાં બોળવા અને તરાકને હળદરમાં બોળવો – પહેલાં પગ પછી ધુંટણ, પછી ખભા અને છેલ્લે માથા ઉપર બંને હાથ સીધા કરી દેવા. મા ઉપરાંત બીજી ચાર સૌભાગ્યવતી સ્ત્રીઓએ આ વિધિ કરવી.

## ખાંડા ખાંડી કરવી

ધાણ ભરવાની સામગ્રીમાં જે સવા કિલો ચોખા છે તેને સૂપડામાં નાંખો, તેમાં ૪ સોપારી, ૪ પાવલી અને ૪ પઇ નાંખો જે ચાર સૌભાગ્યવતી સ્ત્રીઓએ તેલ ચડાવવાની વિધિ કરી હોય તેજ ચાર સ્ત્રીઓએ – ચોખામાં ફૂલ, કંકુ અને ચોખા વધાવી પગે લાગવું. બે સ્ત્રી ઉભી રહીને અને બે સ્ત્રી બેસીને – એક સાંબેલું બે જણ પકડે : એક ઉભેલીને બીજી બેસેલી સ્ત્રી, બીજા સાંબેલાને પણ એજ પ્રમાણે બીજી બે સ્ત્રી પકડે અને ચાર વખત ખાંડે સૂપડામાં મુકેલા પાવલી, પૈસા અને સોપારી – ત્રણ વસ્તુ – ચારેય સ્ત્રી લઇ લે.

## સાળિયા દાળિયા

એક થાળીમાં ચોખાનો લોટ લઇ, મા સિવાયની ચાર સૌભાગ્યવતી સ્ત્રીઓ – તેમાં કંકુ, ચોખા, ફૂલ વધાવો પગે લાગવું આ લોટના બે સરખા ભાગ કરવા એક ભાગમાં હળદર નાંખી પાણીથી લોટ બાંધો તેમાંથી, સાળિયા દાળિયા – ગોળ અને ચપટા – બંને ૨૬ નંગ બનાવવા. બાકીના અડધા ચોખાના લોટને કંઇપણ નાંખ્યા વગર બાફી, તેની નાની પૂરી વણી, ડૂબતાં તેલમાં તરવી – આને ધારા કહેવાય ઘઉંના લોટમાં કંઇપણ નાંખ્યા વગર લોટ બાંધી તેની પૂરી બનાવી ડૂબતા તેલમાં તળવી, આને સુંવાળી કહેવાય આ ચાર વસ્તુ – સાળિયા – દાળિયા, ધારા - સુંવાળી – દરેક ૨૬ નંગ જોઇએ પરંતુ તેનાથી થોડી વધારે બનાવવી ઘટે.

## ખાટું નવડાવવું

વર પક્ષને ત્યાં ખાટું નવડાવવાની વિધિ લગ્નનાં બે દિવસ પહેલાં થાય અને કન્યાપક્ષે આ વિધિ લગ્નના આગલા દિવસે થાય. આ ઉપરાંત ચાર સૌભાગ્યવતી સ્ત્રીઓ વર કે કન્યાને, ચાંદલો કરી ચોખા લગાડવા, ચાર વખત – ચડતું તેલ અને હળદર – પગ, હાથ અને ગાલે લગાડે, માથાનાં વાળમાં – દહીં અને મંટોડુ મિક્સ કરેલું હોય તે ચાર વખત ચડતું લગાડે પછી વર કે કન્યા ન્હાવા જાય.

## ગણેપાત વધાવવા

વરપક્ષે આ વિધિ લગ્નનાં બે દિવસ પહેલાં સાંજે થાય જયારે કન્યાપક્ષે લગ્નનાં આગલા દિવસે સાંજે થાય. વર કે કન્યાને મા – જમણો હાથ પકડી બાજઠ પર બેસાડે બાજુમાં કુંવારિકાને – વર કે કન્યાનાં ડાબા હાથ તરફ બેસાડવી.બંનેને ચાંદલો કરી ચોખા લગાડવા, પેશ છોડી બધી વસ્તુ વર કે કન્યાના હાથમાં ગોઠવવી, નાળિયેર ઉપર ચોટલી બહારની બાજુએ રહે તેમ મુકવું પેશનું નાળિયેર બદલાય ન જાય તે માટે તેના ઉપર લાલદોરો બાંધવો અથવા ગણેશ પાડવો, મા ઉપરાંત અન્ય સ્ત્રીઓ – બીજા નાળિયેર સાથે ચાર વખત, લે-મુક કરી છેલ્લે પેશનું નાળિયુર, વર કે કન્યાનાં હાથમાં પાછું મૂકવું. સામો પક્ષ શક્ય હોય તો ગણેપાત વધાવવા આવે, નહિં તો કોઇ સાથે નાળિયેર

મોકલી આપે આ વિધિનાં દિવસે સાંજે પકવાનમાં આછા મગ અને સાથે માછલી કે બૂમલા બટાકા બનાવવા.

## ગ્રાહશાંતક

આ વિધિ – વરપક્ષે લગ્નનાં આગલે દિવસે સવારે થાય જયારે કન્યાપક્ષે લગ્નનાં દિવસે જ સવારે કરવી ઘટે.

## ખોળા ઓળવા

વક કે કન્યાને મા બાજઠ પર બેસાડે મા ઉપરાંત ચાર સૌભાગ્યવતી સ્ત્રીઓ તેલ ચડાવવાની વિધિ કરી. ત્યારબાદ જે ચાર સ્ત્રીઓએ તેલ ચડાવવાની વિધિ કરી હોય તે અનુક્રમે ડાબેથી જમણે વર કે કન્યાની સામે ખોળો પાથરી બેસી જાય. વર કે કન્યા ચારેય સ્ત્રીઓને ચાંદલા કરી ચોખા લગાડે, દરેકનાં ખોળામાં કંકુના છાંટા નાંખે, ચોખા નાંખે, ૧ ઘારા, ૧ સૂંવાળી, ૧ સાળિયા, ૧ દાળિયા, ૧ પાપડ, ૧ ખારેક, ૧ સોપારી, ૧ પાવલી – એમ દરેક સ્ત્રીના ખોળામાં – બે હાથથી મૂકવું. છાણું ત્રણ સ્ત્રીઓના ખોળાને અડાડી છેલ્લે ચોથી સ્ત્રીનાં ખોળામાં મુકી દેવું. સળિયા અને તરાકને પણ ત્રણે સ્ત્રીઓનાં ખોળાને અડાડીને છેલ્લે સ્ત્રીના ખોળામાં મૂકી દેવા.

## ઉકરડી નોતરવી

વર કે કન્યાને - ગણપતિ માંડેલા હોય ત્યાંજ બેસવું અને પાછળ વળી જોવું નહિં. મા અને મામી તેમજ બીજી સંબંધી સ્ત્રીઓ ઘરની બહાર જાય ત્યારે સાથે - છાણું, સળિયો, તરાક, ૧ સાળિયા, ૧ દાળિયા, ૧ ઘારા, ૧ સુંવાળી, ૧ ખારેક, ૧ સોપારી, ૧ પાપડ, ૧ મીઠાઈનું પેકેઠ, ૧ પાણીનો લોટો અને રામનદીવો પ્રગટાવેલા સાથે જાય.


મા બહાર જમીન પર પાણી રેડે ત્યારબાદ કંકુ છાંટી - ચોખા, ફૂલ વધાવી છાણું જમીન પર મૂકે છાંણા ઉપર બધી સામગ્રી મૂકી, મામીને ચાંદલો કરી ચોખા લગાડવા, મામીના પગને ધોઈને ચડતાં પીરે ત્યારબાદ મામી ફકત છાણું રહેવા લઈ બીજું બધું લઈ - તમામ સ્ત્રીઓ સાથે ઘરમાં પ્રવેશ કરે.

## શાંતકનું મંટોડુ

હવે વર કે કન્યા પાટલા ઉપરથી ઉઠી શકે પરણાવનાર મા આ વિધિમાં જાય નહિં. અખિયાનાની થાળી લઈ કુટુંબની બીજી સ્ત્રીઓ ઘરની બહાર જાય ફકત ચાર સ્ત્રીઓએ જ - વારા ફરતી - જમીન પર - ચાર વાર પાણી છાંટે, કંકુ અને ચોખા વધાવે, ચારવાર કોદાળીથી ખોદે અને ચાર વાર થોડું થોડું મંટોડું થાળીમાં મૂકે અને ઘરે દઇ આવીને શાંતકની ચોરી બાંધેલી હોય તેમાં વચ્ચે મૂકી દે.

## માંટલા માંડવા

આ વિધિ વર અને કન્યાપક્ષે સરખીજ રહે. નીચે મુજબનાં ચિત્ર સાથે એક મોટું કાગળ યા કાપડનો ટુકડો, જયાં માંટલા માંડવાનાં હોય ત્યાં દિવાલ પર ચિટકાવી દેવું



મહદઅંશે ગણેશ પૂજા સ્થાનિક બ્રાહ્મણ જ કરાવે પરંતુ સંજોગવસાત આપણે પોતે પણ કરી શકીએ. પ્રથમ મા-બાપ ગણેશ પૂજા કરે ત્યારબાદ ફોઈ પોતે હાર પહેરી માટલા માંડે, બે માટલા અને બે ધાડવાને - હાથની વચ્ચેની બે આંગળીથી ચારેય દિશામાં કંકુથી ચડતા પીરવા અને વચ્ચે ચાર દિશામાં હળદરથી ચડતા પીરવા. માટલાના ગળામાં ફૂલનાં મોરીયા અચૂક બાંધવા.

પહેલા માટલાને જગ્યા પર મૂકો બંને માટલામાં કંકુના છાંટા નાંખવા અને ચોખાને ફૂલ વધાવવા પહેલા જમણા માંટલામાં અને પછી બીજા માંટલામાં - ૧ નાળિયેરની વાટી, ૭ સોપારી, ૭ ખારેક, ૭ હળદરના ગાંઠીયા, ૭ પાપડ, ગોળ-ધાણા, ઘઉંની સેવ, ૭ પાન - જમણીસાઈડનું માટલું ફોઈનું તેમાં ૧૧ રૂપિયા અને બીજા માટલામાં યથાશકિત પૈસા મૂકવા. જમણો હાથ ઉપર રહે તેમ ક્રોસ હાથ કરી મૂઠીમાં ચોખા ભરવા ત્રણ વખત - એટલે છ મૂઠી ચોખા થાય - ચોથી વખત જમણી મૂઠી ભરવાનીને ડાબી મૂઠી ખાલી રાખવી - આમ સાત મૂઠી ચોખા પહેલાં જમણાં માટલામાં અને પછી બીજા - ડાબા માંટલુ - જે ઘરનું માટલું કહેવાય - તેમાં પણ - જમણા માંટલાની જેમ સાત મૂઠી ચોખા મુકવા ત્યારબાદ બંને માટલા પર ઘાડવું મુકવું અને તેના ઉપર નાળિયેર પીરીને ચોટલી ઉપર બહાર રહે તેમ મૂકવા.

## ગ્રહશાંતકની વિધિ

આ વિધિના સૂત્રધાર મુખ્યત્વે બ્રાહ્મણ જ હોય તમામ સંચાલન બ્રાહ્મણ જ કરે. આમાં આપણી જ્ઞાતિની કોઈ વિશિષ્ટ વિધિ નથીજ.

## મોસાળુ

પરણનારનાં - વર કે કન્યાના - મામા યથાશકિત મોસાળું કરે.

## બરૂલો વળાવવો

આ વિધિ ફકત વરપક્ષે જ હોય છે. આમાં એક ધોતિયું (અંતરપટનું કપડું) ૭ સોપારી, ૭ ખારેક, ૭ હળદરના ગાંઠીયા, ૭ પાન, ૭ સાળિયા, ૭ દાળિયા, ૭ ધારા, ૭ સુંવાળી, ૧ નાળિયેર, ૫ પાવલી લઈ ધોતિયામાં બાંધો એક લાકડી સાથે બાંધવું - આને બરૂલો બહેવાય. મોસાળામાં મામાએ જે બુટ આપ્યા હોય તે પહેરી બરૂલો ખભે લઈ હાથમાં પાણીનો લોટો રાખી વરરાજા મંડપની બહાર

દોડે અને મામા તેની પાછળ જઈને તેને મનાવીને લઈ આવે. ભાણેજને થયાશકિત પૈસા આપે. બરૂલામાં જે ધોતિયું છે તે જ ધોતિયું બીજે દિવસે લગ્નમાં આંતરપટ તરીકે વાપરવા વરપક્ષે અચૂક લઈ જવું.

## વરઘ-ઘડો

વર કે કન્યાનાં પરણાવનાર મા-બાપ - કુવેથી / નળમાંથી બે લોટા પાણીનાં ભરે, એક લોટાને બીજા લોટાની ઉપર મૂકે - કંકુ, ચોખા, ફૂલ વધાવી પગે લાગે. લોટાની ઉપર પીરીને નાળિયેર ચોટલી બહાર રહે તેમ મૂકી - બંને મા-બાપ સાથે મળી - આ લોટાને ઉંચકીને જયાં માટલા માંડેલા હોય ત્યાં લઈ આવી અને જમણી સાઈડનાં માટલાની બાજુમાં જમણી સાઈડે મૂકવા.

## ગોતરેજ પૂજન

આ વિધિ ફકત વરપક્ષે જ કરવાની હોય છે. જો શાંતકની ગોતરેજ હોય તો શાંતકના દિવસે જ ગોતરેજ પૂજન થાય, સામાન્યતઃ લગ્નનાં બીજે દિવસે અથવા ગ્રહશાંતકને દિવસે ગોતરેજ પૂજન હોય આમ પોતપોતાની કુળની પ્રથા મુજબના દિવસે ગોતરેજ મુજબ પૂજા કરવી.

## લગ્નનો દિવસ

### સ્નાન

આ વિધિ વરપક્ષે જાન નીકળતાં પહેલાં અને કન્યાપક્ષે લગ્ન પહેલાં, આમાં આ ઉપરાંત ચાર સૌભાગ્યવતી સ્ત્રીઓ વર કે કન્યાને ચાંદલો કરી ચોખા લગાડે, ચાર વાર તેલ અને હળદર-પગ, હાથ અને ગાલ પર ચડતું લગાડે. માથામાં વાળમાં - દહીં અને મંટોડું મિકસ હોય તે ચાર વાર લગાડે પછી વર કે કન્યા સ્નાન કરવા જાય.

સ્નાન બાદ વર કે કન્યાને - પોતાનાં સજાવટ સાથે - માટલા માંડયા હોય ત્યાં, પેશ લઈ બેસાડવા કન્યા ત્યાંથી ઉઠી લગ્ન મંડપમાં પરણવા જાય જયારે વરરાજાને, માં ચાંદલો કરી ચોખા લગાડે, હાર પહેરાવે, હાથમાં કલગી આપે.

દરમ્યાન વરપક્ષનાં જમાઈએ વરઘોડો કે જાન પ્રસ્થાન વખતે દરેક પુરૂષોને ચાંદલા કરી ચોખા લગાડે અને ફૂલની કલગી આપવી શોભાસ્પદ કહેવાય.

મામાએ વરરાજાનો જમણો હાથ પકડી જમણી બાજુ જ રહેવું જયાં સુધી હસ્તમેળાપ થાય ત્યાં સુધી મામાએ વરરાજા સાથે જ રહેવું.

### જાન

જાન - ઘરની બહાર નીકળતાં પહેલાં વરરાજાએ ઘરનાં મંદિરે પગે લાગવું, ઉંમરા ઉપર - ચોખા પાથરી, પાવલી મૂકી તેનાં પર સોપારી મૂકી - જમણો પગ બહાર કાઢવો બહાર સામે કુંવારીકા માથા પર બેડું એટલે એક પાણી ભરેલો લોટો, તેમાં ઉપર નાળિયેર - લઈને ઉભી રહે. વરરાજાએ આ બેડામાં લોટામાં પાવલી - પૈસા નગદ નાંખવા અને યથાશિકત કુંવારિકાને હાથમાં રોકડ પાંચ કે અગિયાર રૂપિયા આપવા આ લોટામાંથી વરરાજાએ થોડું પાણી પીવું. વરરાજાની બહેન ચોખા વધાવવા માટે, ઘાણ ભરતી વખતનાં ચોખા સાથે લઈ લે.

જાનમાં વરપક્ષે પોતાની સાથે - આંતરપટનું ધોતિયું, ઘાંટડી, વેવાઈ સંબંધ બાંધવાનાં જુદા ૧૪ સોપારી, કાળી ગાંઠી, લગ્નચિઠ્ઠી, રામનદીવો, અખિયાનાની થાલી અને પાણીનો લોટો લઈને જ નીકળવું.

જાન ઘરમાંથી નીકળે ત્યારે પહેલાં વરરાજાની ગાડીની પૂજા કરી હાર પહેરાવી નાળિયેર ફોડવું રસ્તે મંદિરે પગે લાગીને પછીથી આગળ વધવું.

જાન - શકય હોય તો ઉતારો હોય ત્યાં પ્રથમ પ્રસ્થાન કરે અથવા સંજોગોઆધિન - વરઘોડો સીધો લગ્નનાં માંડવે આવે.

ગણેશ પૂંજન

વરરાજાની ચાર બહેનો - સાથે પુરૂષો - વડીલો આ ગણેશ પૂંજન વિધિ માટે કન્યાપક્ષે લગ્ન સ્થળે જાય. વરરાજાની બહેન - કન્યાને ચાંદલો કરી ચોખા લગાડવા, હાથ અને પગ પાણીથી ચડતા ધોઈ, ચડતાં પીરવા, હાર પહેરાવે અને સાથે બેસેલી કુંવારિકાને ચાંદલો કરી હાર પહેરાવે. કન્યાને વેણી પહેરાવે અને કન્યાનાં હાથમાં પાન, સોપારી, નાળિયેર, સાકરપડા, કેળાં મુકે અને કુંવારિકાનાં હાથમાં નાળિયેર મૂકી કન્યાને સેલું, ચણિયો, બ્લાઉઝ, સાંકળા અને દાગીના આપે.

## કલવો ખવડાવવાની વિધિ

ગણેશ પૂંજનની વિધિ બાદ જ આ વિધિ થાય વરરાજાને ત્યાં – કન્યાપક્ષેથી કન્યાની ભાભી / કાકી / અન્યત્ર કોઇપણ સ્ત્રી એક થાળીમાં મીઠાઇ, હળદરનો ભુકો, રાંધેલો ભાત, કંકુ, ચોખા, પાણીનો લોટો, એક પાન લઇને આવે. વરરાજાને પાણીનાં છાંટાણા છાંટી, ચાંદલો કરી ચોખા લગાડી – ચારવાર મીઠાઇનાં ટુકડા ખવડાવે.

## ચાકરી

વરરાજા લગ્નમંડપમાં પધારે ત્યારે કન્યાપક્ષ તરફથી બહેન / અન્ય છોકરી – ત્રણ પાણીથી ભરેલાં લોટા ઉપર નાળિયેર મૂકી શુભ આગમન માટે આગળ આવે. વરરાજાના મામાએ નાળિયેર ઉતારી ત્રણે લોટામાંથી વરરાજાનાં પગ પર પાણીનાં છાંટા નાંખવા અને વરરાજાનાં મામાએ આ છોકરીને શુકનનાં રોકડ પાંચ કે અગિયાર રૂપિયા ધારા ધોરણ મુજબ આપવા. ત્યારબાદ એ ત્રણે લોટાની માલિકી વરપક્ષની જ થાય.

## હરધવાની વિધિ

વરરાજા બાજઠ ઉપર ઉભા હોય તે સાસુ હરગે. સળિયો, તરાક, વરોઇ, સાંબેલું, વેલણ – આ દરેક વસ્તુ વારાફરતી ચાર વાર વરરાજાને બતાવવી ચાર ભાતની લાડવી – બે હાથમાં બે લાડવી લઇ ચાર વખત – વરરાજાને – ઓવારી, પૂર્વ-પશ્ચિમ દિશામાં ફેંકવી. પછી પાછી બીજી બે ભાતની લાડવી લઇ ચાર વખત ઓવારી, ઉત્તર-દક્ષિણ દિશામાં ફેંકવી. ત્યારબાદ એજ પ્રમાપે ચાર માટીની લાડવી ઓવારવી. છેલ્લે સંપૂટ ચાર વખત ઓવારી, વરરાજાનાં જમણાં પણ પાસે – બાજઠ પર મૂકી દેવું. વરરાજા આ સંપૂટને જમણા પગથી ભાંગે – તેનો ભુકો વરરાજાની મા અખિયાનાની થાળીમાં લઇ લે. જમાઇનું પેશનું નાળિયેર સાસુ લઇ લે અને જમાઇને જમણો હાથ પકડી બાજઠ ઉપરથી નીચે ઉતારે.

## લગ્ન મંડપ – હસ્તમેળાપ

લગ્નમંડપમાં લગ્નનો તમામ ધાર્મિક – યજ્ઞોપવિત વિધિનાં સૂત્રધાર બ્રાહ્મણ જ હોય કન્યાને જમણો હાથ પકડી મામા માંડવામાં લઇ આવે અને સાસુ કન્યાને ચાંદલો કરી ચોખા લગાડે, પેશનું નાળિયેર કન્યા પાસેથી પોતાનાં ખોળામાં લઇ લે. સાસુ કન્યાને ઘાંટડી ઓઢાડે, કાળી ગાંઠી પહેરાવે. બાકી તમામ વિધિ બ્રાહ્મણ જ કરાવે, મંગળફેરા ચાર જ હોય જેમાં પહેલાં ત્રણ ફેરામાં છોકરો આગળ

હોય અને છેલ્લા ચોથા ફેરામાં છોકરી આગળ રહે છેલ્લા મંગળફેરાએ કન્યાનો ભાઇ વરરાજાનો જમણા પગનો અંગુઠો ડબાવે તેમાં વરરાજાએ રોકડા પાંચ કે અગિયાર રૂપિયા ધારા-ધોરણ મુજબ કન્યાનાં ભાઇને આપે.

## અખંડ સૌભાગ્યવતી કહેવાની વિધિ

લગ્ન થઇ ગયા બાદ, બંને પક્ષમાંથી ચાર-ચાર કુલ્લે આઠ સૌભાગ્યવતી સ્ત્રીઓએ આવીને કન્યાનાં જમણાં કાનમાં “ઇશ્વર પાર્વતીનું સૌભાગ્ય” કહેવું.

## કંસાર જમાડવો

વર – કન્યા એકબીજાને ચાર વખત મીઠાઇ ખવડાવે.

## ટોપલો

જાન / ગોરાની ભોજનની વિધિ પત્યા બાદ બંને પક્ષનાં પુરૂષો અને સ્ત્રી મંડપમાં આવીને બેસે. કન્યાપક્ષનો જમાઇ કન્યાની પેટી અને ટોપલો લાવીને વચ્ચે મુકે. ટોપલામાં થાળી, વાડકી, લોટો, વરરાજાનો પેન્ટપીસ, સાસુની સાડી, એક નાળિયેર અને દાળચોખાની પોટલી મૂકવી. વરરાજાની બહેન કન્યાને લઇને મંડપમાં આવે.

કન્યાપક્ષનો જમાઇ પહેલાં વરરાજાને ચાંદલો કરી ચોખા લગાડે ત્યારબાદ એજ પ્રમાણે અનુક્રમે વરરાજાનાં પિતા, ભાઇ, કાકા, બનેવી અને અન્ય સંબંધીઓને ચાંદલા કરે. જમાઇ વરરાજાને પેન્ટપીસ – ટોપલામાંથી આપે.

કન્યાની માતા વરરાજાની માતાને ચાંદલો કરી ટોપલમાંથી સાડી આપે તે વેવણ અંદર જઇને પહેરી આવે (અથવા ન પણ પહેરે) અને વરરાજાની દાદી હોય તો તેને પણ સાડી આપવાનો રિવાજ છે. કન્યાના પિતા વરરાજાના પિતા – વેવાઇને – પાઘડીવાટા ના રોકડા રૂપિયા પાઘડીવાટા તરીકે આપે છે. અને પછી બધા જાન વિદાયની તૈયારી રૂપ ઉભા થઇ જાય.

કન્યાપક્ષે માટલા માંડયા હોય ત્યાં વરકન્યા અને બંને પક્ષનાં મા-બાપ સાથે પગે લાગે. ત્યારબાદ ત્યાં ફકત કન્યાપક્ષનાં વડીલોને પગે લાગે ત્યારે કન્યાપક્ષનાં વડીલોએ ફક્ત આર્શીવાદ જ આપવા, પૈસા આપવા નહિં.

કન્યા વિદાય થતી વેળાએ લગ્નસ્થળથી બહાર નીકળતાં ઉંમરા ઉપર સોપારી, પૈસો અને ચોખા મુકી પહેલાં જમણો પણ બહાર મુકવો.

વરપક્ષે પણ ઘરમાં દાખલ થતાં પહેલાં જમણો પગ ઘરમાં મૂકવો. માટલા માંડેલા હોય ત્યાં સજોડે પગે લાગવું. ત્યારબાદ કન્યા યાને વહુને ઉતારે મોકલવી ઘટે.

## ગાંઠીડા છોડવા

બીજે દિવસે સવારે અથવા સૂર્યાસ્ત પહેલાં, સ્નાન કરીને ગણેશપૂજનમાં આપેલ કપડાં પહેરી આ વિધિ કરવી. ઘઉંનાં લોટની પાંચ કાચી પૂરી બનાવવી. ઘાંટડી ઓઢાડી, છેડાછેડી સાથે જ્યાં માંડવા મુર્હુત કર્યુ હોય – તે થાંભલાએ – પાન ઉપર પૂરી, પૈસો અને સોપારી મૂકી સાંબેલાથી ચાર વખત ખાંડવું. કન્યાએ ઉભડક બેસીને સાંબેલાને નીચેથી પકડવું અને વરરાજાએ ઉભા રહી, ઉપરથી પકડી ખાંડવું, એમ ચારેય થાંભલે કરી શાંતક કરી હોય તેમાં વચ્ચે મૂકી એજ પ્રમાણે કરવું.

ઘરમાં જઇ માટલા માંડયા હોય ત્યાં પહેલા, વરરાજા કન્યાનાં ચારવાર મીંઢળ છોડે ત્યારબાદ કન્યા વરનાં ચારવાર મીંઢળ છોડે, કંકુ – દૂધનું પાણી કરી, મીંઢળ કોડી, ખાંગરા, વીંટી


નાંખી ચારવાર – વર – વહુ – રમાડે ત્યારબાદ વરરાજા છેડાછેડીની ગાંઠ ચારવાર બાંધે અને કન્યા – વહુ છોડે ત્યારબાદ કન્યા ચારવાર બાંધીને વરરાજા છોડે.

પીયરીયા નાળિયેર અને પૈસા લઇ આવી વરપક્ષનાં વડીલોને પગે લગડાવે નવવધુ સાસુ-સસરાને નાળિયેર અને સાવરૂપિયો બંનેને આપે. જે કોઇ બીજા પરણાવનાર જોડું હોય તો તેમને પણ – બંનેને નાળિયેર અને સવા રૂપિયો આપી પગે લાગવું. ત્રણ નાળિયેર કરવા નહિં – પાંચ કરી શકાય બાકીના અન્ય વડીલોને પાવલી આપી પગે લાગવું.

## સીમંત વિધિ

ઘેન વહુને ત્રણ દિવસ આગળ ઇચ્છા હોય તો પીઠી ચોળી શકાય.

પાટલા ઉપર લાલ કપડું પાથરી ઘઉં પાથરવા અને પાટલા ઉપર ચોખાનાં મંડપ પુરવા – નવગ્રહનો ચિત્ર પ્રમાણે.



ઘઉંના આઠ ખાંચા પાડવા, વચ્ચે નાગરવેલનું પાન મૂકવું, તેના ઉપર લાલપાંચળી અને ઉપર ગણપતિની મૂર્તિ મૂકી – તેની બંને બાજુમાં એક એક સોપારી મૂકવું. ગણપતિ પાસે સવા રૂપિયો મૂકવો. ત્યારબાદ પૂજાની સામગ્રી લઇ, ઘેનવહુએ પતિની સાથે બંનેએ હાર પહેરી – ગણપતિની પૂજા કરવી.

## ખોળો ભરવો

પ્રથમ ખોળો ભરનાર સૌભાગ્યવતી સ્ત્રી, ઘેનવહુને ચાંદલો કરી, ચોખા લગાડી, પિયર કાઢે ત્યારબાદ ખોળો ભરનાર સ્ત્રી બેસે અને ઘેનવહુ એને ચાંદલો કરી ચોખા લગાડી પિયર કાઢી, હાર પહેરાવે ત્યારબાદ ખોળો ભરનાર સ્ત્રી, ઘેનવહુને બેસાડી તેનાં હાથપગ કંકુથી ચડતા પીરે, ઘેનવહુએ સાડીનાં પાટલીનો નીચેનો છેડો લઇ તેમાં ખોળો ભરવો. પહેલા ખોળો ભરનાર સ્ત્રી, ઘેનવહુનાં ખોળામાં, કંકુનાં છાંટા નાંખી, સામગ્રીનો દરેક વસ્તુ સાત નંગ – એક નંગ મુકે. ત્યારબાદ ખોળો ભરનાર સ્ત્રી, છ વાર જમણો હાથ ઉપર રહે તેમ હાથને ક્રોસ કરી, થાળીમાંથી બંને મુઠ્ઠીમાં ચોખા ભરી, ઘેનવહુનાં ખોળામાં મુકે. છેલ્લે સાતમી મુઠ્ઠી – જમણી ભરે અને ડાબી ખાલી રાખી મુકે. ત્યારબાદ ખોળો ભરનાર સ્ત્રીને બેસાડે, ઘેનવહુ – તેનાં પાલવમાં તેનો ખોળો ઉપર મુજબ જ ભરે બંનેનાં ખોળામાં સવા પાંચ રૂપિયા મુકવા.

## નાળિયેર ગબડાવવું

ધેનવહુનું નાળિયેર ખોળામાં – ઉપર કાઢી – એ ખોળો ભરનાર સ્ત્રીને બેસાડી, પોતાના ખોબામાંથી, ખોળો ભરનાર સ્ત્રીનાં ખોળામાં ગબડાવે અને પછી ધેનવહુ બેસી જાય અને ધેનવહુનું જ નાળિયેર લઇ, ખોળો ભરાવનાર સ્ત્રી ધેનવહુનાં ખોળામાં ગબડાવે – આમ ચાર વખત કરવું.

## રાખડી બાંધવી

નણંદ ભાભીને ચાંદલો કરી, ચોખા લગાડી જમણાં હાથમાં રાખડી બાંધે.

## બુહટ મારવી

ધેનવહુ / ભાભી દિયરને ચાંદલો કરી ચોખા લગાડે દિયર-ભાભી – બંને કંકુવાળા હાથ કરી, એકબીજાનાં ગાલે ચારવાર કંકુ ચડતું લગાડે.

## મોસાળું

પિયરીરયા – ધેનવહુના – મોસાળું કરે. દીકરી અને જમાઇને હાર, કલગી – વેણી કરી. જમાઇને પાઘડીવાટો, દીકરીને એક જોડ કપડાં, સાસુને સાડી, સસરાને પાઘડીવાટો અને બુહટીયા / દિયરને પાંચ રૂપિયા આપવા.

## ગોતરજ

ધેનવહુ તેમજ ખોળો ભરનાર સ્ત્રીએ – બંનેએ – ગોતરજ પૂજાય અને જમે ત્યાં સુધી ખોળો કેડે હાંધી રાખવો. ગોતરજ પૂજનની વિધિ દરેકે પોતાની કુળની પ્રણાલીકાની રીતે કરવી. ધેનવહુ અને ખોળો ભરનાર સ્ત્રી સાથે જમવા બેસે ત્યારબાદ ખોળામાંની વસ્તુ છોડી શકાય. ગોતરજનું ભોજન પત્યા બાદ પિયરીયા ધેનવહુને તેડી લઇ જાય. મોસાળામાં આપેલાં કપડાં અને વેણી પહેરી – ધેનવહુને લઇને આવે. પિયારીયા ધેનવહુને નાળિયેર સોપારી અને પૈસા આપે. ત્યારબાદ પિયરીયા હાર અને કલગી આપે તે, ધેનવહુ પતિને – હાર પહેરાવી, કલગી અને પાંચ સોપારી આપી પગે લાગે. ત્યારબાદ ધેનવહુએ – સાસુ અને સસરાને નાળિયેર અને પાંચ રૂપિયા આપી પગે લાગવું અને બીજા વડીલ-સગાસંબંધીઓને પાવલી આપી પગે લાગવું. ત્યારબાદ નણંદ ભાભીને તેડી જાય અને નાસ્તો કરાવે, વેણી પહેરાવી, ભાભીને લઇ આવી, જલેબી વહેંચાવડાવે.

બીજા દિવસે પિયરીયા વાયણું જમવા બોલાવે. દીકરીનાં ખોળામાં ચોખા અને પાંચ રૂપિયા આપે પછી દીકરી ચારવાર થોડા ચોખા ખોળામાંથી થાળીમાં પાછા નાંખે અને પિયરીયા જમાઇને પાંચ સોપારી આપે.

## છઠ્ઠીની વિધિ

તમામ સામગ્રી એક થાળીમાં મૂકી – તૈયાર કરી રાખવી. છઠ્ઠીનાં દિવસે વાલ બનાવવા અને તેમાં બને ત્યાં સુધી વઘાર કરવો નહિં. સાંજે સારું ચોઘડીયું જોઇ વિધિ કરવી. માને પૂર્વ દિશા તરફ મુખ કરી, ખોબામાં બાળક આપી બેસાડવો. પૂજાની થાળીને માથી દૂર રાખવી, માએ થાળીને અડવું નહિં. થાળીમાં મૂકેલા સોપારી ઉપર કોઇપણ સૌભાગ્યવતી સ્ત્રીએ કંકુનાં ચાંદલા કરવા, લાડવી ઉપર સિંદુરનાં ચાંદલા કરવા અને નાળિયેર પીરી, થાળીમાં વ્યવસ્થિત મુકી ચોખા વધાવવા થાળીની બહાર એક ઘીનો દીવો કરવો, અગરબત્તી સળગાવવી બાળક માટે ફોઇ સફેદ ઝભલા ટોપી લઇ આવે તે ફોઇ બાળકને પહેરાવે, થાળીમાંથી દોરા લઇને હાથ – પગ – કમ્મર – ગળામાં – પહેરાવે, બાળકને ચાંદલો કરી ચોખા લગાડી મેશ આંજી માનાં ખોળામાં આપી દે. ત્યારબાદ મા પોતે પોતાને

ચાંદલો કરી, ચોખા લગાડે અને મા બાળકને પણ ચાંદલો કરી ચોખા લગાડે. મા પોતાને અને બાળકને મેશ આંજે મા ફૂલ, કંકુ અને ચોખા દુરથી થાળી પર વધાવી, "હે વિધાતા – મારી મા, મારા બાળકનાં સારા લેખ લખજો"- એમ કહી, મા પગે લાગે અને બાળકને પણ પગે લગડાવવું.

વિધાતાનાં નિમંત્રણામાં, બીજા કોઇપણ સૌભાગ્યવતી સ્ત્રીએ – થાળીમાં ખુલ્લી બોલપેન રાખો, થાળીમાં દીવો મુકી – પ્રગટાવો ઉપર ટોપલો ઢાંકી દેવો માએ આ દીવો જોવો નહિં.

બીજે દિવસે લાડવી, જો બાળકી હોય તો છોકરીઓને અને છોકરો હોય તો છોકરાઓને ખવડાવી દેવી.

## બારા બરીયા પૂંજન

બાળક અગિયાર દિવસનું થાય તે દિવસે કે ૧૧મે દિવસે બારી બારણાનું પૂંજન કરવું. આગલે દિવસે સાંજે નાગલી અથવા રાઇ અને વાલ પાણીમાં પલાળી રાખવા. બીજે દિવસે સવારે પાણી નિતારો તેમાં હળદર નાંખવી. એક વાટકીમાં હળદર અને ચોખાનો લોટ, બીજી વાડકીમાં કંકુ, ફૂલો, પાન, સોપારી, પૈસા, બરૂની સળી, નાળિયેર, મેશ, દીવો, અગરબત્તી, દિવાસળી, બે હાર અને ત્રણ મોળીયા – બધું એક થાળીમાં મુકી તૈયાર કરવું.



બાળકની માતા સવારે પૂજા કરતી વખતે મુખ પૂર્વ દિશામાં રાખી, જમીન અથવા કાગળ ઉપર સાથિયો કરી તેના ઉપર પાટલો મુકો, પહેલાં પાણી ભરેલો લોટો મુકો તેને ચારે બાજુએ – વચ્ચેની બે આંગળીથી કંકુથી ચડતાં પીરવા અને આ નીચેના લોટામાં ફુલ, કંકુ, ચોખા અને પાવલીને પૈસો નાંખવો લોટાને મોળીયો બાંધવો પછી બીજો – ઉપરનો લોટો પાણી ભરેલો મુકી તેને પણ કંકુ, હળદરથી ચડતાં પીરી, મોળીયો બાંધવો અને લોટામાં સવા રૂપિયો - પૈસો, ફૂલ, કંકુ, ચોખા મુકવા. અંતમાં નાળિયેરને પણ લોટાની જેમ જ પીરી, મોળીયો બાંધો – બીજા લોટાની ઉપર ચોટલી બહાર રહે તેમ મુકવું.

દીવો, અગરબત્તી પ્રગટાવી માતાએ બાળકને ખોળામાં લઇ, પોતે ચાંદલો કરી, ચોખા લગાડી મેંશ આંજી હાર પોતે પહેરવા અને બાળકને પણ ચાંદલો કરી, ચોખા લગાડી, મેશ આંજી, હાર પહેરાવવો, પ્રથમ બાળકને બેડું યાને કે લોટો મુકેલા હોય ત્યાં પગે લગડાવવો, ત્યારબાદ માએ લોટા પાસે પાણી છાંટી, કંકુનાં છાંટણા છાંટી, પાટલાની આગળ જમીન / કાગળ ઉપર – વાલ – નાગલી / રાઇની ત્રણ છુટી છુટી ઢગલી મુકી – બધા પાન, સોપારી બરૂની સળી, પૈસા, પુડલી મુકી દેવા ફૂલ, કંકુ, ચોખા વધાવી પગે લાગવું. આમાંથી જેટલા બારી બારણાં પૂંજી શકાય તેટલા ૫, ૭, કે ૧૧ પાન, સોપારી, પૈસા, ફુલી / પુડલી, લઇને થાળીમાં મુકો – બારી બારણાં પૂંજવા. પ્રથમ ઘરનાં મુખ્ય દરવાજાના ઉંમરા ઉપર પાણી છાંટી કંકુના છાંટણા છાંટી વાલ, નાગલી / રાઇની ત્રણ ઢગલી મુકી વચ્ચેની ઢગલી ઉપર પાન, પુડલી, પૈસો, સોપારી મુકી – કંકુ, ફૂલ, ચોખા વધાવી પગે લાગવું. બારસાખને બંને બાજુથી ત્રણ વખત કંકુથી અને હળદરથી ત્રણવાર ચડતાં પીરવા આમ

બીજા બારી બારણાં પૂંજી છેલ્લે ખારકુવો અથવા પરદેશમાં સીન્કમાં – કાગળ મૂકી, થાળીમાંની દરેક વસ્તુ તેમાં ઉપર મુકી દેવી.

માતાએ – ખાલી કરેલી થાળીને ધોઇને, પૂંજન કરેલા લોટા પાસે આવી પાલવ ધરાવો એમાં બીજી સૌભાગ્યવતી સ્ત્રી – ચોખા અને યથાશક્તિ પૈસા મુકે, માતાએ પોતાનાં પાલવમાંથી – આ ચોખા ચાર વખત થોડા થોડા પાછા થાળીમાં નાંખવા. પૂંજન કરાવનાર સૌભાગ્યવતી સ્ત્રીને – ખારકુવા /સીન્કની સોપારી આપી દેવી જે આ સ્ત્રીએ આરોગવી રહે.

## ગોરણી

### હરખની ગોરણી

લગ્નનાં પાંચ દિવસ પહેલાં, જેમની ઇચ્છા હોય તે જ પાંચ સૌભાગ્યવતી સ્ત્રી / ગોરણી જમાડે તે હરખની ગોરણી. ભોજનમાં લાપસી બનાવવી ઘટે.

### લગ્નની ગોરણી

દરેક પરિવારે પોતાનાં કુટુંબમાં કે ગોતરેજમાં હોય તે પ્રમાણે કરવી.

### સિમંતની ગોરણી

પોતાનાં કુટુંબની પ્રણાલિકા અને ગોતરેજમાં હોય તે પ્રમાણે કરવી.

### ખાટલાની ગોરણી

સુવાવડ બાદ ત્રીજે કે પાંચમે કે સાતમે મહિને – પોતાનો સ્વેચ્છા હોય તો જ – પાંચ સૌભાગ્યવતી સ્ત્રી / ગોરણી જમાડે ભોજનમાં દૂધપાક બનાવવો.

### મરણની ગોરણી

સોહાગણ સ્ત્રી મૃત્યુ પામે ત્યારે – ૧૧માંની ૧૧, ૧૨માંની ૧૨ – સૌભાગ્યવતી સ્ત્રી / ગોરણી મરનારનાં ઘરે જમાડે અને ૧૩માંની ૧૩ ગોરણી મરનારના પિયરમાં જમાડે. આ વિધિમાં ગોરણીને પિયર કાઢવી, ચાંદલા કરવા અને ચોખા લગાડવા કાળી ગાંઠી, અબીલ-ગુલાલ ડાબા ખભે નાંખવા, કંકુથી પગ ઉતરતાં પીરવા ભોજનમાં દૂધપાક બનાવવો અંગત ઇચ્છા અને શક્તિ હોય તો જ ગોરણીને – અરિસો, કંકુ, કાંસકી, ચાંદલો, બંગડી, રોકડા પૈસા અથવા કોઇપણ વાસણ આપવું.

જ્યાં સુધી સ્વ. સૌહાગણ સ્ત્રીનો, પતિ હયાત હોય ત્યાં સુધી – પ્રતિવર્ષે મરનારની તિથિએ પાંચ સોહાગણ સ્ત્રીને જમાડવી અને વરસી – છમાસી વળાવે ત્યારે પણ પાંચ સોહાગણ સ્ત્રી જમાડવી.

## અશુભ – નિધન

વ્યક્તિની તબિયત ગંભીર હોય – એટલે કે મરણ પહેલાં, જો શક્ય હોય તો – વ્યક્તિ ઘર કે હોસ્પિટલમાં હોય ત્યારે પાંચ આમન લઇ વ્યક્તિનો જમણો હાથ લગડાવી મંદિરે મુકી આવવું અથવા બ્રાહ્મણને આપવી.

ફ્યુનરલ થયું ન હોય તો પણ, મરનારનાં ફોટા પાસે દીવો અને અગરબત્તી પ્રગટાવી શકાય.

મરનાર સ્ત્રી / પુરૂષને નવડાવી કોરા કપડા પહેરાવવા. જો મરનાર સ્ત્રીનાં પિયરનાં કોરા કપડાં હોય તો તે પહેરાવવા મરનાર સ્ત્રીનાં પિયરીયા શક્ય હોય તો કફન લાકડાનાં યથાશક્તિ પૈસા આપે મૃતકને – શબવાહિની / પેટીમાં તલ પાથરી સૂવડાવી દેવું. જમણાં પગનાં અંગુઠાએ અને

શરીરે ઘી ચોપડવું. પુરૂષ અને વિધવાને ચંદનનો ચાંદલો કરવો જયારે સોહાગણ મરનાર સ્ત્રીને પિયર કાઢી કંકુનો ચાંદલો કરવો. મરનારનાં મોઢામાં તુલસીનું પાન, ગંગાજળ, સોનાની રજ, તાંબાનો પૈસો - ગળામાં તુલસીની માળા, શક્ય હોય તો પેટીમાં સુખડનું લાકડું અને તુલસીનાં સુકા દાંડા મુકવા હાર પહેરાવવો સોહગણ સ્ત્રી હોય તો વેણી પહેરાવવી પેટીમાં એક નાળિયેર મુકવું. શક્ય હોય તો હાથમાં ગીતાની ચોપડી મુકવી. માથું ઉત્તર દિશામાં રાખવું.

ફયુનરલ હોમમાં ભજન અને પુષ્પાંજલી બાદ જો સૌભાગ્યવતી સ્ત્રીનાં પતિની અંતિમ વિદાય હોય તો, પેટી બંધ કરવા પહેલાં સ્ત્રીએ સૌભાગ્યનો શણગાર ઉતારો, મરનાર પતિનાં હાથમાં મૂકવો યાને રાંડીસરાની વિધિ કરવી.

ફયુનરલ હોમમાંથી – સ્મશાનભૂમિ / સીમેટ્રીમાં લઇ જતી વખતે પહેલાં બહાર કાઢવું – પેટી કુટુંબીઓ ઉંચકે સ્મશાન / સીમેન્ટ્રીમાં ગયા બાદ, પેટીને ફેરવો યાને કે માથાની દિશા બદલો નીચે મુકી એક બાજુએ માથા તરફ દીવો અગરબત્તી કરી અગ્નીદાહ કરનાર વ્યકિત, મૃતકનાં દેહ પર કંકુ, ચોખા, તલ, ફુલ વધાવે અને મૃતકનાં મોઢા, હાથ અને જમણાં પગનાં અંગુઠા પર ઘી લગાડે ગંગાજળ છાંટી અગ્નિદાહ કરનાર વ્યક્તિ હાથમાં પાણીનો ભરેલો લોટો લઇ, પેટીની ફરતે, ચાર ઉંધા ફેરા ફરે - પાછળ જોવું નહિં - સાથે અગરબત્તી સળગતી રાખવી મૃતકનાં જમણા કાનમાં ચારવાર રામનામ બોલવું, અંતમાં પેટી ઉપાડી ચીમનીમાં મુકવાની હોય ત્યારે પગ અંદર પહેલા જાય તે પ્રમાણે રાખવી ચીમનીમાં પેટી અડધી મુકો - સળગતી અગરબત્તીનો અગ્નિદાહ મૃતકનાં પગ આગળ કરવો - અગરબત્તી જ પેટીમાં મુકી દેવી અને પેટી સંપૂર્ણ અંદર જાય તે પહેલાં ઘીનો દીવો પણ અંદર મૂકી દેવો. અગ્નિ મુકનારે ચીમનીનું બટન દબાવવું.

ઘરે આવ્યા બાદ અગ્નિદાહ કરનાર પ્રથમ સ્નાન કરી લે / ઘરનાં બધાએ પણ સ્નાન કરવું. અગ્નિ મુકનાર વ્યક્તિ પાસે પહેલાં પેંડાનો વાસ મુકાવવાની તૈયારી કરવી. ઘરમાં કોઇ એવી જગ્યા નક્કી કરવી જયાં મૃતકનો ફોટો મુકી, ત્યાં વાડકી ઉંધીવાળી મુકવી અને વાસ ત્યાંજ મુકવો.

વાસની વિધિમાં – પાંચ કે સાત પેંડા લઇ, એક પેપરડીશમાં મુકવા, બાજુમાં દીવો કરવો, આદુની ટુકડી મુકવી પાણી ચાર વખત ઓવારી, પેંડાનાં ટુકડા કરી - પેપરડીશ અને પાણીનો લોટો લઇ, ઘરની બહાર જઇ જમીન ઉપર પાણીના છાંટણા ચાર વખત છાંટી તેના ઉપર પેપરડીશ મુકી દઇ, પાછા પાણીનાં છાંટણા આ વાસ ઉપર કરી, હાથપગ ધોઇને ઘરમાં આવી તુલસીમાં પાણી રેડવું. આમ રોજ સવારે નવ દિવસ સુધી વાસ મુકવો અને ફોટા આગળ નવ દિવસ સુધી સાંજે દીવો કરવો તેરમાંના દિવસે પણ સાંજે ફોટા આગળ દીવો કરવો ઘટે.

વાસ મુકયા બાદ ઉઠમણાંની વિધિ થાય ઘરમાં - પાટલો મુકી, તેના ઉપર - કુટુંબની સૌહાગણ સ્ત્રી - પાણી છાંટી પાન મુકી તેના ઉપર સોપારી મુકી, આ સોપારી ઉપર ચારવાર થોડા થોડા મમરા / ચોખા મુકે - અને બીજી ત્રણ સ્ત્રીઓ એક કુલ્લે ચાર સ્ત્રી આ વિધિ કરી, પાટલો ઉંચો કરી મુકે અને એ પાટલો લઇ ઘરની બહાર જાય ત્યાં પણ ચાર સ્ત્રી આજ પ્રમાણે વિધિ કરી, પાટલો ઉંધો વાળી દે. સ્ત્રીઓની આ વિધિ ચાલુ હોય તે દરમ્યાન પુરૂષો એક પાન, એક સોપારી લઇને બગીચે જઇ, પાન ઉપર સોપારી મુકી, કોઇપણ વ્યક્તિએ - શક્ય હોય ત્યાં સુધી જમાઇએ - સોપારીને ભાંગવી અને આ સોપારીનાં ટુકડા દરેક કુટુંબી પુરૂષે ખાવા ઘર આવ્યા બાદ કોઇ એક સંબંધીને ત્યાં મરણનાં સમાચાર આપતો પત્ર લખે, કાગળમાં પ્રથમ અશુભ લખવું. અન્ય સંબંધીઓને જાણ કરવા લખવું અને પત્ર અડધો - ટૂંકો જ લખવો.

અસ્થિ ઘરમાં લાવવી નહિં - શક્ય હોય તો દશાની વિધિ શરૂ થાય તે પહેલાં નદી યા સમુદ્રમાં પધરાવી દેવી.

## ભાથી નાંખવી

મૃતકનાં અગ્નિસંસ્કારની વિધિ તે જ દિવસે અશક્ય હોય ત્યારે રસોડું ચાલુ કરી શકાય નહિં, એટલે સવારનાં કુટુંબી તરફથી ભાથી / સાદુ ભોજન અને સાંજે પિયરીયા લઇ આવે. ઉઠમણું થઇ જાય પછી ઘરમાં રાંધી શકાય.

## સૂતક

અનુકૂળતા અને દિવસ જોઇ સૂતક કાઢવું. બને ત્યાં સુધી નવમા દિવસે સૂતક કાઢવું. રવિવાર કે મંગળવારે કાઢવું નહિં - પરંતુ સાતમાં કે નવમાં દિવસે રવિવાર કે મંગળવાર જ હોય તો સૂર્યોદય પહેલાં સૂતક કુટુંબીઓએ કાઢવું.

સૂતક કાઢવા પહેલાં સારવાની કોઇપણ સામગ્રી ઘરમાં લાવવી નહિં - સામગ્રી ખરીદી કોઇ બીજાનાં ઘરમાં મૂકી શકાય.

સારવાની તમામ વિધિ બ્રાહ્મણ જ કરાવે સારવાની વિધિ ચાલતી હોય ત્યારે ઘરમાંથી કચરો કાઢવો નહિં, કપડાં ધોવા નહિં, માથું ઓળવું નહિં.

દસાના દિવસેથી - તેરમાનાં દિવસ સાથે જ- રોજ દૂધપાક પૂરીનો વાસ મુકવો શક્ય હોય, જેમણે ખાંધ લીધી હોય તેમને દસાનાં દિવસથી - તેરમાનાં દિવસ સાથે - રોજ જમાડવા દસાની દસ પૂરી બનાવવી. ઘીમાં તળવી, તેમાંથી જ ગાય કુતરાનો વાસ કાઢવો, વાસ મૂકે તેમાં આદુની કટકી અને ઘી મુકવું. દીવો કરવો, પાણી ફેરવો પહેલાં દૂધપાકનો વાસ મૂકી આવવો પછી ગાય કુતરાનું મુકવા જવું. દસાની ગોરણી જમે નહીં. અગિયારમાની ૧૧ પૂરી બનાવવી અને બારમાની ૧૨ પૂરી બનાવવી.

તેરમાની ૧૩ પૂરી બનાવવી પહેલાં કુલેર (ઘઉંનો લોટ, ખાંડ અને ઘી)નો વાસ મુકવો પછી દૂધપાક પૂરીનો વાસ મુકવો. તેરમાનાં દિવસે બ્રાહ્મણને ઘરમાંથી એક થાળીમાં પાંચ આમન, ફૂટ, સીધુ, ઘી ભરીને વાડકી, દીવાનું નિરંજન મુકી આપી દેવું. ચાંદીના - સ્વર્ગની સડી, વાછરડા સાથે ગાય, સાથીયો અને વહાણ, તુલસીનું કુંડુ - ન મળે તો એ નિમિત્તના પૈસા મૂકી દેવા, છત્રી, ચંપલ, તુલસીની માળા અને ગીતાની ચોપડી આપવી મૃતક સ્ત્રી હોય તો લુગડું, ચોળી ચણિયો આપવો અને પુરૂષ હોય તો એક જોડ કપડાં - ધોતિયું - કફની સાથે તાંબાની તરભાણી, હાથ અને શરીર લૂંછવાના રૂમાલો પણ બ્રાહ્મણને આપવા ઘટે.

તેરમાનાં દિવસે - મૃતક પુરૂષ હોય અને સ્ત્રી વિધવા થાય તો રાંડીસરાનું લુગડું લઇ આવે. બપોરે પિયરીયા - તેલ, કાંસકી, બે પડીકા કંકુના, બે સોપારી લઇ આવે. પિયરીયા આવી મૃતકનાં ફોટા આગળ જે વાડકી ઉંધી વાળેલી હોય ત્યાં તેલનું ટીપું મુકે - વાડકી સીધી કરી તે જગ્યાએથી ઉંચકી લેવી. ઘરની મુખ્ય સ્ત્રીઓ પીયરીયાની સ્ત્રીઓ સાથે ઘરની બહાર જાય - ઘરની મુખ્ય સ્ત્રી માથામાં તેલ નાંખી, કાંસકી મારવી, હાથપગ - મોઢું, ધોઇને કંકુનો ચાંદલો કરે. પુરૂષોમાં એક કંકુનું પડીકું અને એક સોપારી આપવું. તે લઇ પુરૂષો ઘરની બહાર જાય થોડે દૂર જઇ સોપારીનાં ભાંગીને ટુકડા કરી ચારે દિશમાં ફેંકી દે અને કંકુના ચાંદલા કરી ઘરમાં આવે.

તેરમાનાં દિવસે પેંડા વહેંચે તેને માટલી કાઢી કહેવાય. એક ઘરની માટલી હોય અને લાડવા બનાવ્યા હોય તો એક પેંડો અને એક લાડવો વહેંચવો દીકરી પેંડા વહેંચે તો તેને વાળી આપવું પડે.

કુટુંબો તેરમાનાં દિવસે સાંજે અથવા બીજે દિવસે બહાર કાઢી લઇ જાય આમ કુટુંબો બહાર કાઢવાની વિધિ કરે ત્યારબાદ જ પિયરીયા – સગવડે તેડવાની વિધિ કરે ત્યારે દીકરીને સાડી અને પૈસા અને જમાઇને પૈસા આપવા.

બને ત્યાં સુધી એક માશીયો સરાવવો અને વર્ષ સુધી દર મહિને મૃતકની તિથિએ દૂધપાક પૂરીનો વાસ મુકવો. તે વર્ષે શ્રાધ્ધપક્ષમાં કોઇનોય વાસ મુકવો નહિં. છમાસી વળાવવી વરસી છમાસી ન વળાવે ત્યાં સુધી કુટુંબમાં શુભપ્રસંગ લેવાય નહિં. મૃતક સોહાગણ સ્ત્રીની વરસી છમાસી ના દિવસે પાંચ ગોરણી જમાડવી.

મૃત્યુબાદ પહેલાં વર્ષમાં પહેલો ઋષી પાંચમ યાને ભાદરવા સુદ પાંચમ તે કરપવી. ઘરની મુખ્ય સ્ત્રીએ ઉપવાસ કરવો. ખાંડેલું અન્ન ખાવું નહિં. દૂધ, ફ્રૂટ ખાવા બ્રાહ્મણને બોલાવી સંકલ્પ કરી - પાંચ જાતનાં ફ્રૂટ, કાંકડી, કરના ચોખા અથવા સામો અથવા સાદા ચોખા, પાકું સીધુ, દૂધ ખાંડ અને યથાશક્તિ દક્ષિણા આપવી.

મૃત્યુ પછીની પહેલી ધરા આઠમ યાને ભાદરવા સુદ આઠમ તે કરપવી. ઘરની મુખ્ય સ્ત્રી ઉપવાસ કરવો. ચોખાને આગલે દિવસે પલાળી રાખવા પછી વખાતાં કરી સુકા થાય કે દળીને, માખણ અને દળેલી ખાંડમાં ફીણવું. તેમાં ખજુરનાં નાના ટુકડા કરી નાંખવા, કાંકડી ઉપર મુકો - એક વખત ખાવું વાસ પણ એનો જ મુકવો. ઉપવાસ કરનારે આવું જ ખાવું અને બીજી વખત ફ્રૂટ, દૂધ લઇ શકાય. બ્રાહ્મણને બોલાવી - ફળફળાદી, સુકોમેવો, કોપરાની વાટી, થાળી, વાડકીમાં ઘી, લોટો, પાકુ સીધુ, નિરંજનમાં દીવો સળગાવી નિરંજન અને સ્ત્રી / પુરૂષ જે હોય તે પ્રમાણે એક જોડ કપડા આપવા. બીજે દિવસે નોમને દિવસે દૂધપાક પૂરી બનાવી તેનો વાસ મૂકવો સાથે બધું ખાવાનું પણ મુકવું.

મૃત્યુ પછીની પહેલી દિવાળીમાં દીવા દેવાના હોય આસો વદ અગિયારસ યા અનુકુળતા ન હોય તો કારતર સુદ અગિયારસના દિવસે સૂર્યોદય પહેલાં દીવા દેવાનાં, બ્રાહ્મણ તર્પણ કરાવે, વિષ્ણુ પૂંજન કરાવે, દીપદાન દેવડાવે ચાર કોડીયા, ચાર ફુલડા, ઘઉંના લોટની ચાર કાચી પૂરી, ચણોઠી, કોડી, એક ઘીનો દીવો પ્રગટાવેલો નદીમાં તરતો મુકવો અને બ્રાહ્મણને પાકુ સીધુ અને દક્ષિણા આપવી.


મૃત્યુ પછીની પહેલી સંક્રાંત કરપવી તે દિવસે ઘરમાં તલ તતડાવવા નહિં બ્રાહ્મણને થાળી, વાડકી, લોટો, પાકુ સીધુ, મગ, સ્ત્રી / પુરૂષનાં એક જોડ કપડાં, તલ ભરેલી તાંબાની તરભોણી, તાંબાનાં કોડિયામાં ઘીનો દીવો પ્રગટાવો - કોડીયું દીવા સહિત યથાશક્તિ દક્ષિણા આપવી.

## અન્ય પ્રસંગો

## નોળી નોમ

શ્રાવણ સુદ નોમ એટલે નોળીનોમ પરણેલી સ્ત્રીઓ આ ઉપવાસ પોતાના બાળકો માટે કરે છે. નવજાતનું કઠોળ - વરડું - રાખવું અને જુવારના લોટમાં થોડો અળદનો લોટ ઉમેરી રોટલા હાથે ટીપી ખાવા નોળીયામામાની પૂજા બાદ કંઇપણ કાપવું નહિં.

જુવારનાં લોટમાં થોડો અળદનો લોટ ઉમેરો - તેમાંથી નોળીયો બનાવવો બાકી વધેલા લોટમાંથી એક કાચો દીવડો બનાવવો નવ ચાનકી નવ દિવડા બનાવી તાવી ઉપર શેકવા.



એક સૂપડામાં અથવા પાટલા ઉપર પાન મૂકો તેના ઉપર નોળીયામામાને મુકો - તેમના ઉપર હળદરમાં પલાળેલું વસ્ત્ર ઓઢાડવું ત્યારબાદ ચિત્ર મુજબ ચાનકી, દીવડા તેલ મુકી પ્રગટાવવા પૂજા કરનાર સ્ત્રીએ પહેલાં ચાંદલો કરી, ચોખા લગાડી, મેંશ આંજવી, ત્યારબાદ નોળિયામામાને ચાંદલો કરી, ધાણી લગાડી, મેશ આંજવી અબીલ, ગુલાલ, ફૂલ, દરોઇ વધાવવું પાનથી ચારવાર દૂધ પાવું, ચારવાર પાણી ઓવારી પગે લગાવવું.

સૂર્યાસ્ત પહેલા ઉત્થાપન કરી દેવું - ત્યાં સુધી બાજુમાં રહેલો સાક્ષીનો દીવડો ચાલુ રાખવો. પાછું પગે લાગી ભૂલચુકની ક્ષમા માંગો. બધું ઉંચકી લેવું. એક ઝાડ નીચે ચારવાર પાણી રેડો, નોળીયામામાને ખુલ્લા મુકી દેવા દૂધ પાણી ઝાડમાં રેડવું અને ચાનકી દીવડા કબૂતરને નાંખી દેવા.

## ધન તેરસ

આસો વદ તેરસ એટલે ધનતેરસ સારૂં ચોઘડીયું જોઇ ધનની પૂજા કરવી સાથિયો કરો પાટલો મુકો તેના ઉપર કાંસાની થાળી મુકવી. બાજુમાં દીવો અગરબત્તી પ્રગટાવવી પંચામૃત પ્રસાદ ધરાવો.

એક વાસણમાં પૂંજાના બધા પૈસા તેમજ પહેરેલા દાગીનામાંથી એકાદ દાગીનો લેવો બધાને પહેલાં પંચામૃતથી ધોવા ત્યારબાદ ચોખ્ખા પાણીથી ધોઇ કાંસાની થાળીમાં મૂકવા, સાથે ઓછામાં ઓછો સવા રૂપિયો ઉમેરવો. કંકુ તેમજ ગલગોટાનાં ફૂલ, દરોઇ, ચોખા વધાવી પગે લાગવું. સાંજે ચોઘડીયું જોઇ પાટલો ખસેડી લેવો - બધુ મુકી દેવું. આ દિવસે લાપશીનું ભોજન હોય.

## કાળી ચૌદસ

આસો વદ ચૌદસ તે કાળી ચૌદસ આગલે દિવસે જુવારનો લોટ, ઘઉંનો લોટ, અળદનો લોટ, દહીં, મસાલો, આદુ, મરચા, લસણ, હીંગ, તેલ, મીઠું નાંખી વડાનો લોટ બાંધી રાખવો.

ચૌદસનાં દિવસે સારું ચોઘડીયું જોઇ પેણો મૂકી પહેલાં પૂરી બનાવવી ત્યારબાદ વડા તરવા આમાંથી જ પૂરી અને ૪ વડા છૂટા, નવા વર્ષને દિવસે બલિરાજા માંડે તેના માટે કાઢી લેવા સવાર સાંજ બારણે દીવા મુકવા.

## દિવાળી

આસો વદ અમાસ એટલે દિવાળી આ દિવસે સારૂં ચોઘડીયું જોઇ ઉંબરા, કબાટ, બારીની પૂજા કરવી બે દીવા આડી વાટનાં - બે કોડિયામાં ઘી પૂરવું જમણી સાઇડે પૂંજામાંનો સવા રૂપિયો લઇ તેને ચાંદલો કરી, ચોખા લગાડી, કોડિયામાં મુકો ફૂલ, દરોઇ મુકવા ડાબી સાઇડનાં કોડિયામાં પૂંજામાંનો પૈસો લઇ તેને ચાંદલો કરી, ચોખા લગાડી કોડીયામાં મુકી ફૂલ, દરોઇ મુકવા. પ્રથમ ઘરનાં મુખ્ય દરવાજે બહારથી અંદરની તરફ મુખ રાખી ઉંબરા પર જમણી સાઇડનું સવારૂપિયાવાળું કોડિયું જમણી સાઇડે અને ડાબી સાઇડનું કોડિયું ડાબી બાજુ મુકો, ઉંબર ધોઇ, સાથિયા કરી ફૂલ, કંકુ, ચોખા, દરોઇ વધાવી પગે લાગવું. આમ ઘરનાં દરેક ઉંબરા પૂંજી, મંદિર પૂંજી - છેલ્લે કોડિયા ઘરનાં મુખ્ય દરવાજે અથવા મંદિર પાસે મુકી દેવા ભોજનમાં સેવ બનાવવી.

## બલિપૂજન

કારતક સુદ એકમને દિવસે બલિપૂજન થાય. સારૂં ચોઘડીયું જોઇ પૂજા કરવી - સાથીયો કરી પાટલો મુકો તેના ઉપર લાલ પાંચળી મુકી, તેના ઉપર કુલડામાં ચોખા ભરી મૂકવા તેમાં સવા રૂપિયા અને તાંબાનો પૈસો - બધાને ચાંદલા કરો અનુક્રમે મુકવું. તેના ઉપર શેરડીનો નાનો ટુકડો મુકી તેના ઉપર એક પુરી અને તેના ઉપર એક વડું મુકવું. બાજુમાં ઘીનો દીવો, અગરબત્તી પ્રગટાવી, કંકુ, ગલગોટાનાં ફૂલ, ચોખા, દરોઇ વધાવી પગે લાગવું, પ્રસાદમાં પંચામૃત, સાકરીયાદાણા મુકવા, આ દિવસે શુકનનાં મગ, મીઠું લાવી પૂજા વખતે મુકવા.



બલિપૂજનના પ્રસંગ થકી મહત્વની ધાર્મિક વિધિઓનો ઉલ્લેખ પૂર્ણ થાય છે. આ બધાં પ્રસંગો માટે શક્ય હોય ત્યાંથી માહિતી મેળવીને હકીકત આપ સમક્ષ રજૂ કરવા પ્રયત્ન કર્યો છે. બનવા જોગ છે કે ક્યાંક કશે, કશીક ભૂલચુક રહી પણ ગઇ હોય તો તેવા સંજોગોમાં હમોને દરગુજર કરવા વિનંતી. અને આ પુસ્તિકાનો શ્રી ક્ષત્રિય સમસ્ત કેન્દ્રીય પંચના બંધારણ સાથે કોઇ સંબંધ નથી, ફક્ત ધાર્મિક વિધિ તથા રિવાજોની સમજણ તેમજ સામગ્રી માટેની માહિતી મળી રહે અને સમસ્ત ક્ષત્રિય જ્ઞાતિજનોને ખરેખર અર્થમા "માર્ગદર્શિકા" બની રહેશે તો તે હમારું સદ્દભાગ્ય સમજીશું.

ન્યુજર્સી (અમેરીકા)માં તૈયાર કરેલ લેખન કાર્યને નવસારી (ભારત)ના પ્રેસમાં યોગ્ય તે સ્વરૂપમાં રજૂ કરવા, પ્રસંગોને ક્રમશઃ ગોઠવવા તથા પ્રુફ રીડીંગ જેવી, મહત્વની જવાબદારી મારા સ્નેહી મિત્ર શ્રી ગિરીશચંન્દ્ર ઠાકોરલાલ સુતરીઆ તથા શ્રી કાંતિલાલ લક્ષ્મીદાસ પરમારે સંભાળી તથા પુસ્તિકાને યોગ્ય અને પૂર્ણ સ્વરૂપ આપવામાં જે જહેમત ઉઠાવી તે અભિનંદનીય છે. હમો તેમના આભારી છીએ.

**લિ. ભવદીય,**
**ઠાકોરદાસ હરકીશનદાસ બલસારા**
**ન્યુજર્સી અમેરિકા**